# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2560 ❖ ચૈત્ર પૂર્ણિમા ❖ 30 એપ્રિલ 2018 ❖ વર્ષ – 19 ❖ અંક – 01 ❖ સળંગ અંક - 217

## ધમ્મવાણી

कासावकण्ठा बहवो पापधम्मा असंयता ।
पापा पापेहि कम्मे निरयं ते उपपज्जरे ।।
सेय्यो अयोगुलो भुत्तो तत्तो अग्गिसिखूपमो ।
यञ्चे भुञ्जेय्य दुस्सीलो रट्ठपिण्डं असंयतो ।।
–धम्मपद

એવા ઘણાં માણસો છે, જેઓ ભગવા વસ્ત્રો ધારણ કરીને પણ પાપમય પ્રવૃત્તિઓ આચરે છે અને સંયમરહિત રહે છે. આવા પાપી લોકો પોતાનાં પાપકર્મો વડે જ નરકમાં પડે છે.

દુરાચારી બનીને અને સંયમરહિત થઇને દેશનું અન્ન જમવું એના કરતાં તો આગની ઝાળ જેવો લાલચોળ તપેલો લોઢાનો ગોળો ખાવો એ વધારે સારું છે. -ધમ્મપદ

## જો દેહની ગંદકી

ભારતની પુરાતન લોકભાષાનું એક વિપુલ સાહિત્ય લગભગ ત્રેવીસસો વર્ષ પૂર્વ, પડોસી દેશોમાં ગયું અને ત્યાં ગુરુ–શિષ્ય પરંપરા દ્વારા લેખિત અને મૌખિક રૂપમાં પેઢી–દર–પેઢી સુરક્ષિત રહ્યું, જોકે ભારતમાંથી તે સર્વથા વિલુપ્ત થઇ ગયું. તે સાહિત્યમાં બિંબિસારના પુત્ર અભય રાજકુમારના જીવનવૃત્તાંતની સાથે સાથે અભય માતાનું ચરિત્ર પણ ઊપસી આવે છે. તેનું યુવાવસ્થાનું જીવન જેટલું ઘૃણિત હતું, કૃષ્ણપક્ષીય હતું, અધ્યાત્મની ઉચ્ચતમ અવસ્થાને પ્રાપ્ત કરી વૃદ્ધાવસ્થાનું જીવન તેટલું જ શુકલ બની ગયું, વંદનીય બની ગયું અને સાધક–સાધિકાઓને માટે પ્રેરણાનું અજસ્ત્ર સ્રોત બની ગયું.

જેમ આજના જમાનામાં દેશ–પરદેશમાં કુમારિકાઓની સૌંદર્ય–સ્પર્ધાઓ થાય છે અને સર્વશ્રેષ્ઠ સુંદરીને સૌંદર્ય–સામ્રાજ્ઞી (બ્યુટી ક્વીન)ના પદથી અલંકૃત કરવામાં આવે છે, તે જ રીતે ૨૬૦૦ વર્ષ પૂર્વના ભારતમાં પણ રાજ્ય–રાજ્યમાં આવી સ્પર્ધાઓ થતી હતી. જે યુવતી ફકત રૂપ–સૌંદર્ય માં જ નહિ, પરંતુ નૃત્ય, વાદ્ય, સંગીત, વગેરે લલિતકળાઓમાં પણ સર્વશ્રેષ્ઠ પસંદ કરવામાં આવતી હતી, તેને જનપદકલ્યાણીની ઉપાધિથી અલંકૃત કરવામાં આવતી હતી. એ સાહિત્યમાં કેવળ એક પ્રસંગ એવો મળે છે, જેમાં કોઇ જનપદકલ્યાણી કોઇ રાજકુમારની વિવાહિતા પત્ની બનવા માટે વચનબદ્ધ થઇ. જો કે તેનું લગ્ન ન થઇ શક્યું, કારણ કે રાજકુમાર ગૃહત્યાગી ભિક્ષુ બની ગયો. નહિ તો તે દિવસોની પ્રચલિત સામાજિક રીત મુજબ તે કુલવધૂ બનીને કોઇ એક પરિવાર–વિશેષની ગૃહશોભિની બનવાને બદલે નગરવધૂ બનીને નગર–શોભિની બની જતી હતી અને પોતાની રૂપસંપદા તથા લલિતાકળાનો વિક્રય વ્યવસાય કરી જીવન ગુજારો કરતી હતી.

આવી એકથી અધિક નગરવધૂઓનું વર્ણન પુરાતન સાહિત્યમાં ઉપલબ્ધ છે. અવંતી રાજ્યની રાજધાની ઉજ્જૈન નગરીની આવી જ એક નગરવધૂ હતી પદ્માવતી, જેના રૂપ–સૌંદર્ય અને કલામાધુર્યની –ખ્યાતિ દૂર–દૂરના દેશો સુધી ફેલાયેલી હતી.

તે દિવસોમાં મગધ–નરેશ બિંબિસાર યુવાવસ્થામાંથી પસાર થઇ રહ્યો હતો અને ઉદ્દામ કામવાસનાનો વિવશ ગુલામ હતો. પદ્માવતીના રૂપ–સૌંદર્યની ગુણ–ખ્યાતિ સાંભળી, તો તેને મેળવવા માટે અધીરો થઇ ગયો. આટલે દૂર સુધી ગુપ્ત યાત્રા કરવી કઠણ હતી, પરંતુ આવા કામોમાં એનો એક નિપુણ સહયોગી હતો – રાજપુરોહિત, જેની મદદથી તે ઉજ્જૈન જઇ પહોંચ્યો. બિંબિસારે એક રાત પદ્માવતી સાથે ગાળી, જેનાથી તેને ગર્ભ રહી ગયો. પાછા ફરતાં રાજા બિંબિસારે પદ્માવતીને પોતાનો પરિચય આપ્યો અને કહ્યું કે જો ગર્ભ રહે અને પુત્ર પ્રાપ્ત થાય તો શૈશવકાળનું પાલન–પોષણ પૂરું કરીને તેને રાજગિરિ મોકલી આપે. રાજચિહ્ન તરીકે બિંબિસારે તેને પોતાની આંગળી પરની રાજ્યપત્રિક વીંટી આપી.

દસ મહિના પછી અભયનો જન્મ થયો. પદ્માવતીએ તેને સાત વર્ષ ઉછેરીને બિંબિસારના આદેશ અનુસાર રાજગિરિ મોકલી આપ્યો, જ્યાં બિંબિસારે અત્યંત સ્નેહપૂર્વક તેને રાજસી સુખ–સગવડોમાં ઉછેર્યો.

અભયમાતાએ અભય પિતાની ઇચ્છાનો આદર કરતાં જ નહીં, પરંતુ પુત્રના ઉજ્જવળ ભવિષ્યની શકયતાઓને પણ ધ્યાનમાં રાખીને તેને રાજગિરિના રાજમહેલમાં મોકલી આપ્યો હતો. પણ મા તે મા હતી. એટલે એવું અનુમાન કરવું ઉચિત છે કે તે કોઇક માધ્યમ દ્વારા પોતાના પુત્રના કુશળ–ક્ષેમ અને સુખ–સુવિધાઓની માહિતી મેળવતી રહી હશે. એવી માહિતી તેને મળતી રહી હશે કે તેનો ઉછેર રાજકુમારોચિત થઇ રહ્યો છે. હવે તે કુમાર અવસ્થામાંથી પુખ્તવયનો થઇ ગયો છે, યુવાન થઇ ગયો છે, સૈન્ય–સંચાલન–વિદ્યા શીખી રહ્યો છે, રાજકુમારોચિત અન્ય બધી વિદ્યાઓમાં પણ પારંગત થઇ ગયો છે. પિતાને તેની યોગ્યતા પર ખૂબ ગર્વ છે. હવે તેને પ્રત્યંત પ્રદેશમાં થયેલા બળવાનું દમન કરવાને માટે મોકલી આપ્યો છે. ત્યાંથી તે વિજયી અને યશસ્વી બનીને પાછો ફર્યો છે. મહારાજે પ્રસન્ન થઇને સાત દિવસ માટે તેને શાસનની ધુરા સોંપી દીધી છે. તેનો લાડકવાયો મગધના વિશાળ સામ્રાજ્યનો શાસક બની ગયો છે, ભલે એક સપ્તાહ માટે જ કેમ ના હોય. આ બધું સાંભળીને તેનું હૃદય ગદ્‌ગદ્ થઇ રહયું છે. તે હવામાં ઊડીને રાજગિરિ પહોંચી જવા માંગે છે અને પોતાના પુત્રને છાતી–સરસો ચાંપી દેવા ચાહે છે. પરંતુ પછી હોંશમાં આવે છે કે લોકોને ખબર પડશે કે તે ગણિકાનો પુત્ર છે, તો તેની પ્રતિષ્ઠાને બટ્ટો લાગશે. તેથી દૂર રહીને જ તેનું મંગલ ઇચ્છતી રહે છે. પરંતુ એકાએક આ કેવો વજ્રપાત થયો ? ખબર પડી કે

રાજકુમાર અજાતશત્રુએ મહારાજ બિંબિસારને કેદી બનાવી દીધો અને પોતે રાજગાદી પચાવી પાડી છે. થોડાક દિવસો પછી મહારાજની હત્યા કરવામાં આવી. હવે એવી સૂચના આવી કે અભયે દાઢી–મૂંછ અને માથાના વાળ મૂંડાવીને ગૃહત્યાગ કર્યો, વિરકત થઇને ભગવાન બુદ્ધના સંઘમાં સામેલ થઇ ગયો.

વ્યાકુળ અભયમાતા હવે પોતાના પુત્રને મળવા માટે અધીરી થઇ ઊઠી અને લાંબી યાત્રા પૂરી કરીને ઉજ્જૈન નગરીથી મગધની રાજધાની રાજગિરિ આવી ગઇ. ભિક્ષુ અભયે તેને સાંત્વના આપી, ધીરજ આપી અને ધર્મની મહાનતા સમજાવી. તેને ભગવાનના શરણે લઇ ગયો, જેનાથી તેનામાં ધર્મસંવેગ જાગ્યો. તે પ્રવ્રજિત થઇ અને માથું મૂંડાવીને ભિક્ષુણી સંઘમાં સામેલ થઇ ગઇ, જ્યાં તેને વિપશ્યના શીખવવામાં આવી.

તે વિપશ્યનાનો અભ્યાસ કરવા લાગી. પરંતુ જીવનભર સંચિત કરેલા કામ–ભોગના સંસ્કાર તેના માટે બાધક બની રહ્યા હતા. શરીર પર અનિત્યબોધની સંવેદના જગાડીને વિકાર–વિમુકત થવું તો દૂરની વાત, થોડીક ક્ષણો માટે ચિત્ત એકાગ્ર કરવું પણ અસંભવ થઇ રહ્યું હતું. ત્યાં સુધી તો ભિક્ષુ અભય અરહંત થઇ ચૂક્યો હતો. તેણે પોતાની જન્મદાત્રી માતાની પ્રગતિમાં અંતરાય જોયો તો તેને મળ્યો અને ઉદ્બોધનભર્યા શબ્દો દ્વારા તેનામાં ધર્મસંવેગ જ ન જગાડ્યો, પરંતુ સાધના માટે એક નવું કર્મસ્થાન પણ આપ્યું, નવી વિદ્યા શિખવી. તે એ જાણી ગયો હતો કે માતાનું અધિકાંશ જીવન પોતાના ભૌતિક શરીરને સજાવીને લોકોમાં કામવાસના જગાડવાના હલકા કાર્યમાં જ વીત્યું છે. તેને આ કારણે શરીર પ્રત્યે ઊંડી આસક્તિ છે તેથી તે અંતર્મુખ થઇને તેના પ્રત્યે સંવેદનાઓના સ્તરે અનિત્યબોધ જગાડી શકતી નથી. તેને પહેલા પોતાના શરીર પ્રત્યે જુગુપ્સાનો ભાવ જગાડવો આવશ્યક છે. એટલા માટે કાયાની અશુચિ એટલે કે ગંદકી પ્રત્યે **मनसिकार** એટલે કે ચિંતન કરવાનો પ્રારંભિક પાઠ શિખવ્યો.

પુત્ર–આચાર્યની ધર્મવાણી સાંભળીને માતા–શિષ્યા અત્યંત પ્રભાવિત થઇ. જેમ શિખવાડ્યું, તેમ ચિંતન શરૂ કર્યું, ખરેખર ચામડીથી ઢંકાયેલ આ કાયાની ભીતર હાડકાં, માંસ, માવો, લોહી, પરુ, થૂંક, મળ–મૂત્ર વગેરે ગંદકી જ ગંદકી છે. તે સિવાય બીજું છે જ શું? એમ ચિંતન મનન કરતાં કરતાં કાયા સંબંધી આસકિત તૂટવા લાગી, ભલે બુદ્ધિના સ્તરે જ તૂટવા લાગી. તેનાથી આપ–મેળે શારીરિક સંવેદનાજન્ય અનુભૂતિઓ જાગી જવાથી અનિત્યબોધ જાગ્યો. ધીરે–ધીરે અભ્યાસ કરતાં કરતાં અનિત્યધર્મી કાયા અને ચિત્તના સમસ્ત પ્રપંચ પ્રત્યે તેનો નિર્વેદ પુષ્ટ થયો. રાગ અને દ્વેષના જન્મ–જન્માંતરોના બંધન તૂટ્યાં. વિપશ્યનાના અભ્યાસથી મુકિતના માર્ગ પર દઢતાપૂર્વક આરૂઢ થયેલા ભિક્ષુણી અનિત્ય, નશ્વર, ભંગુરનો ત્યાગ કરી નિત્ય, શાશ્વત, ધ્રુવ તરફ આગળ વધી ગઇ અને શીઘ્ર જ શ્રોતાપન જેવા પડાવોને પાર કરતી રહી ને નિતાંત વિતરાગ અરહંત અવસ્થાને પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થઇ, ધન્ય થઇ.

ભવબંધનોથી સર્વથા વિમુકિત પ્રાપ્ત કરીને અન્ય અનેક અરહંત સંતોની જેમ તેના મુખેથી હર્ષના ઉદ્ગાર નીકળ્યા. સર્વપ્રથમ પોતાના પુત્ર–આચાર્ય અભય પ્રત્યે અસીમ કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ થયો. તેના દ્વારા સાધના સંબંધી જે આદેશ મળ્યા હતા, તે બોલનું તેણે પુનઃ ઉચ્ચારણ કર્યું :

**उद्धं पदतला अम्ब, अधो वे केसमत्थका ।**

**पच्चवेक्खस्सुमं कायं, असुचिं पूतिगन्धिकं ।।**

– હે માતા, પગના તળિયાથી ઉપર અને માથાના વાળની નીચે આ અશુચિ અને દુર્ગંધથી ભરેલી કાયાનું નિરીક્ષણ કર.

ઉદ્બોધનના આ શબ્દોને બોલીને તેણે પોતાના ઉદાનના આ શબ્દો પ્રગટ કર્યા :

**एवं विहरमानाय, सब्बो रागो समूहतो।**

**परिलाहो समुच्छिन्नो, सीतिभूताम्हि निब्बूता।।**

– તેના આદેશોનું અનુસરણ કરીને મેં પોતાનો સંપૂર્ણ રાગ જડથી ઉખાડીને ફેંકી દીધો. કામવાસનાની બધી બળતરા નષ્ટ કરી હવે હું શીતળ છું, શાંત છું, નિર્વાણપ્રાપ્ત છું.

અચભમાતા ધન્ય થઇ. ક્યાં રૂપસૌંદર્યના કામ–કીચડમાં ગળાડૂબ શરીર–વિક્રયિની અને ક્યાં ભવ–ભવના બંધનથી મુકત વીતરાગની પરમ અવસ્થાને પ્રાપ્ત અરહંત સાધ્વી. ખરેખર વિપશ્યના સાધના એ વાતને નથી જોતી કે કોને તારું, કોને નહિ, જે પણ વિપશ્યનામાં તપે, તે જ તરે. રાજા હોય કે રંક, પુરુષ હોય કે નારી, ગણિકા હોય કે ગૃહિણી – ધર્મની ગંગા કોઇ ભેદભાવ કરતી નથી.

## અભયા ભવ-ભયથી છૂટી

આ જ સંદર્ભમાં એક બીજું ચિત્ર ઊપસીને આવ્યું છે. અભયમાતાની એક સહાયિકા, નામ અભયા. લાગે છે કે તેમનો સ્નેહ–સંબંધ અત્યંત ઘનિષ્ટ રહ્યો હશે, એટલે તે પણ અભયમાતાની સાથે ઉજ્જૈનથી રાજગિરિ ચાલી આવી અને પ્રવ્રજિત થઇ ભગવાનના ભિક્ષુણી સંઘમાં સામેલ થઇ ગઇ.

એ ખબર નથી કે આ અભયા કોઇ સદ્ગૃહસ્થ મહિલા હતી અથવા અભયમાતાના દેહ–વિક્રયમાં સાથ આપનારી કોઇ ગણિકા. પરંતુ વિપશ્યના સાધનાનો અભ્યાસ કરવા માટે તેને રાજગિરિના શીતવન નામના સ્મશાનમાં જઇને શબ–દર્શન કરવાનો આદેશ આપવામાં આવ્યો. તેનાથી એવું અનુમાન થઇ શકે છે કે, તે પણ પોતાની સહેલીની જેમ કામવાસનાની ગ્રંથિઓથી પીડિત રહી હશે. તેને પણ કાયા પ્રત્યે આસક્તિ રહી હશે. સંગતની અસર થવી સ્વાભાવિક છે.એવા લોકો માટે કાયા પ્રત્યે હીન અને નિર્વેદનો ભાવ જગાડવા માટે સ્મશાનમાં મડદાઓના શરીરનું નિરીક્ષણ કરવું લાભદાયક હોય છે. શબ–દર્શનના આધારે શરીરનું દર્શન કર્યા પછી અનિત્યબોધિની વિપશ્યનાનો અભ્યાસ સરળ થઇ જાય છે.

સ્મશાનમાં તેણે એક ફૂલી ગયેલા મૃતદેહને જોયો તો તેના મનમાં ઊંડો સંવેગ જાગ્યો. એટલામાં તેને ભગવાનની કલ્યાણકારી વાણી સંભળાઇ. તેને લાગ્યું જાણે ભગવાન તેની સામે ઉપસ્થિત છે અને સમજાવી રહ્યા છે –

**अभये भिदुरो कायो, यत्थ सत्ता पुथुज्जना।**

– અભયા, જો આ કાયા કેટલી ભંગુર છે ! તેમાં મૂઢજન

આસકત રહે છે.

ભગવાનની વાણીથી તેનામાં ધર્મ-બળ જાગ્યું અને વિપશ્યના માં દૃઢતાપૂર્વક લાગી ગઈ અને એવો દૃઢ સંકલ્પ કર્યો કે –

**निक्खिपिस्सामिमं देहं, सम्पजाना सतीमती।**

– હું સ્મૃતિ અને સંપ્રજ્ઞાનની સાથે કાયોત્સર્ગ કરીશ.

પોતાના અવિરત પુરુષાર્થ દ્વારા તે યોગિની અલ્પકાળમાં જ અરહંત અવસ્થાને પ્રાપ્ત થઈ. મુકિતના હર્ષમાં ઉદાન વચન પ્રગટ થયાં, કે જે તે પુરાતન સાહિત્યમાં ઉપલબ્ધ છે.

તેણે પહેલાં ઉપરોકત ગાથા ગાઈ, ત્યાર પછી પોતાના વિજયનો ઉદ્ઘોષ કરતા કહ્યું –

**बहूहि दुक्खधम्मेहि, अप्पमादरताय मे।**

**तण्हक्खयो अनुप्पत्तो, कतं बुध्धस्स सासनं।।**

– ઘણાં દુઃખોમાંથી પસાર થઈને સ્મૃતિ સંપ્રજન્ય દ્વારા અપ્રમત્ત રહીને મેં અંતે તૃષ્ણાક્ષયની નિર્વાણિક અવસ્થા પ્રાપ્ત કરી લીધી. એ રીતે મેં ભગવાનનું શાસન એટલે કે તેમની શિક્ષા પૂરી કરી.

સ્થવિરા અભયાએ પણ અન્ય વિમુકિત સ્થવિરીઓની જેમ પૂર્વ જન્મોની સ્મૃતિ-સિદ્ધિ પ્રાપ્ત કરી પોતાના ગત જન્મો જોયા અને કહ્યું કે આ ભદ્ર કલ્પના એકત્રીસ કલ્પો પૂર્વે અરુણા નગરીમાં હું અરુણ નરેશની રાજમહિષી હતી. તે સમયે લોકમાં ભગવાન સિખિ સમ્યક્ સમ્બુદ્ધ ઉત્પન્ન થયા હતા. મેં એક દિવસે સાત ઉત્પલ પુષ્પો દ્વારા તેમની પાદવંદના કરી. એકત્રીસ કલ્પો સુધી દેવ-મનુષ્ય ભવોમાં સંસરણ કરતાં રહીને પછી તે પુણ્યફળના પ્રતાપે મને હવે આ ભગવાન ગૌતમ બુદ્ધથી **सतिपट्ठान** વિપશ્યના મળી, બોધ્યંગ જગાડવાની સાધના મળી અને પોતાના પરાક્રમ-પુરુષાર્થ દ્વારા મેં સમસ્ત આસ્રવોનો ક્ષય કરી લીધો. હવે મારો પુનર્જન્મ નથી.

**नत्थि दानि पुनब्भवो।**

અભયા ભવ-બંધનમુકત થઈ. કૃતકૃત્ય થઈ. નગરશોભિણી પદ્માવતીની સંગતિથી ભલે તેણે ક્યારેક ખોટું જીવન વિતાવ્યું હશે પણ તેની જ સંગતિથી અને પોતાના પૂર્વ-પુણ્યના કારણે તેને શુદ્ધ ધર્મની મુકિતદાયિની વિપશ્યના વિદ્યા મળી, જેના થકી તેણે નિતાંત દુઃખવિમુકત અવસ્થા, વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરી લીધી અને માનવજીવન સફળ બનાવી લીધું.

આવી માંગલિક સફળતા સૌને મળો !

**- 'જાગે પાવન પ્રેરણા' પુસ્તકમાંથી સાભાર**

## કળસાર ખાતે સાત દિવસીય શિબિર તેમ જ દશ દિવસીય શિબિર

કળસાર (મહુવા) ખાતે યુવાકો માટે સાત દિવસીય શિબિર
**તારીખ** : ૦૩-૦૫-૨૦૧૮ થી ૧૧-૦૫-૨૦૧૮
તેમ જ દસ દિવસીય શિબિર
**તારીખ** : ૧૨-૦૫-૨૦૧૮ થી ૨૩-૦૫-૨૦૧૮
**સ્થળ** : ત્રિવેણી તીર્થ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ઊંચા કોટડા રોડ, જિ. ભાવનગર, મુ. કળસાર, તા. મહુવા.
**સંપર્ક** : – બલદાણિયા સાહેબ મો. ૯૯૭૯૧ ૮૬૮૫૬
નાગરભાઈ – ૯૭૨૬૬ ૪૬૦૪૬ (૦૨૮૪૪) ૨૮૧૪૭૦
સદ્ભાવના ટ્રસ્ટ હોસ્પિટલ, વડલી ફોન નં. ૦૨૮૪૪ – ૨૨૭૬૧૨, ૨૨૫૩૬૩
સદ્ભાવના ટ્રસ્ટ હોસ્પિટલ, કળસાર : (૦૨૮૪૪) ૨૮૧૫૮૬, ૨૮૧૫૮૭

## ધમ્મકોટ - એક દિવસીય શિબિર

### તારીખ : ૨૭-૫-૨૦૧૮, રવિવાર

**સમય :** સવારે ૯-૦૦ થી સાંજે ૫-૦૦
**નોંધ :** કેન્દ્ર ઉપર જવા-આવવા માટે નિઃશુલ્ક બસ સેવા રાખવામાં આવેલ છે. નામ નોંધાવવું જરૂરી છે.
બસનો રૂટ નીચે પ્રમાણે રહેશે.
**રૂટ :-** ૭.૩૦ કલાકે – રૈયા ચોકડી, ૭.૩૫ કલાકે – રૈયા ટેલિકોમ એક્સચેંજ, ૭.૪૦ કલાકે – કે.કે.વી. સર્કલ, ૭.૪૫ કલાકે – બીગ બઝાર, ૭.૫૦ કલાકે – નાના મવા ચોકડી, ૭.૫૫ કલાકે – મવડી ચોકડી, ૮.૦૦ કલાકે – ગોંડલ ચોકડી

**વધુ માહિતી માટે સંપર્ક : સીટી ઓફિસ**
**મો.: ૭૮૭૮૭૨૭૨ ૨૩** (નામ રજીસ્ટ્રેશન કરાવવા)

**STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS ABOUT NEWS PAPER VIPASSANA MONTHLY (GUJARATI) AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE 8 OF REGISTRATION OF NEWS PAPER (CENTRAL RULES, 1956)**
**FORM - IV (SEE RULES 8)**

| | | |
|---|---|---|
| 1. | **Place of Publication** | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 2. | **Periodicity of the Publication** | **Monthly** |
| 3. | **Printer's Name** | **Mr. Chandubhai G. Mehta** (on behalf of Saurashtra Vipassana Research Center) |
| | **Whether citizen of India ?** | Yes |
| | **Address** | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 4. | **Publisher's Name** | **Mr. Chandubhai G. Mehta** (on behalf of Saurashtra Vipassana Research Center) |
| | **Whether citizen of India ?** | Yes |
| | **Address** | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 5. | **Editor** | **Mr. Bharat S. Kapadia** |
| | **Whether citizen of India ?** | Yes |
| | **Address** | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 6. | **Names and address of Individuals who own the news paper and partners or share holders holding more than on percent.** | **Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001.** |

**I Chandubhai G. Mehta hereby declare that the particulars given above are true to best of my knowledge and belief.** Sd/-

Date : 01-03-2018 Chandubhai G. Mehta
Place : RAJKOT Publisher & Printer

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૮-૧૯ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
સંપર્ક ::
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
Ph.: 0281-2924924,
M : 93279 23540,
E-mail : dhammakot@gmail.com

02-05 to 13-05
16-05 to 27-05
30-05 to 10-06
13-06 to 24-06
27-06 to 08-07
18-07 to 29-07
01-08 to 12-08
14-08 to 25-08

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
12-09 to 20-9-18

**10 Day Spl.**
10-09 to 21-09-18

**3 DAYS**
12-07 to 15-07-18

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 78784 60961,
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail : info@ambika.dhamma.org

11-05 to 22-05-18
23-05 to 03-06-18
05-06 to 16-06-18
17-06 to 28-06-18
03-07 to 14-07-18
15-07 to 26-07-18

**Anapana-Boys**
04-05 to 06-05-2018

**Anapana-Girls**
07-05 to 09-05-2018

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
16-08 to 24-08-18

**10 Day Spl.**
14-08 to 25-08-18

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કીટિક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-223575,
M : 99745 75660
E-mail : info@sindhu.dhamma.org

**ફક્ત બહેનો માટે**
**06-05 to 17-05-18**

20-05 to 31-05-18
03-06 to 14-06-18
17-06 to 28-06-18
01-07 to 12-07-18
15-07 to 26-07-18
28-07 to 08-08-18

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
03-07 to 11-07-18

**Teen-Boys**
25-04 to 03-05-2018

**Teen-Girls**
09-05 to 17-05-2018

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ
રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690,
M : 94264 19397
E-mail : info@pitha.dhamma.org

02-05 to 13-05-18
16-05 to 27-05-18
06-06 to 17-06-18
20-06 to 01-07-18
18-07 to 29-07-18
01-08 to 12-08-18
15-08 to 26-08-18
29-08 to 09-09-18
12-09 to 23-09-18
26-09 to 07-10-18

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
06-07 to 14-07-18

**1 DAYS**
01-05-2018

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800, 254634, 252345
M : 94292 33000.
E-mail : info@divakara.dhamma.org

02-05 to 13-05-18
16-05 to 27-05-18
30-05 to 10-06-18
13-06 to 24-06-18
04-07 to 15-07-18
12-09 to 23-09-18
26-09 to 07-10-18
10-10 to 21-10-18
24-10 to 04-11-18
10-11 to 21-11-18

**ફક્ત જૂના સાધકો માટે**

**20 DAYS**
02-08 to 23-08-18

**30 DAYS**
02-08 to 02-09-18

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ– પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail : dhammapali15@gmail.com

02-05 to 13-05
06-06 to 17-06
20-06 to 01-07
11-07 to 22-07
01-08 to 12-08
14-08 to 25-08
02-09 to 13-09
26-09 to 07-10
10-10 to 21-10
31-10 to 11-11

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
20-09 to 23-09-18

**STP**
26-05 to 03-06-18

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યકિતએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

ચાહે તો ઠુકરા ચલો, ચાહે અંગ લગાવ ।
તીન લોક કી સંપદા, પડી તુમ્હારે પાંવ ॥

જિસકો નિજ સત્કર્મ પર, હૈ પૂરા વિશ્વાસ ।
ઉસકો દેવ ન બ્રહ્મ કી, નહીં ઈશ કી આસ ॥

દોનોં પાંખેં ખોલકર, ઉડ પંછી આકાશ ।
સ્વયં મુકત સ્વચ્છંદ હો, છોડ પરાયી આશ ॥

## દોહા ધરમના

માનવ તુઝસા સ્વયંભૂ, ઔર ન પ્રાણી કોય ।
સ્વયં બાંધતા ગ્રન્થિયાં, સ્વયં મુક્ત ભી હોય ॥

જરા વ્યાધિ સે મૌત સે, લડે અકેલા એક ।
કોઈ સાથ ન દે સકે, પરિજન સ્વજન અનેક ॥

યદિ સુકર્મ દુષ્કર્મ પર, મેરા હી અધિકાર ।
તો ફિર દુર્ગતિ સુગતિ કા, અન્ય કૌન કરતાર ?

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભકિતનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 30 એપ્રિલ 2018** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2018-20
(Renewed upto 31.12.2020)

**Weighs less than 30 gms**
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org